સરસ્વતી ફાર્મસી કોલેજમાં મેગા પ્લેસમેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સે આ વર્ષે પણ પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરી ફાર્મસી ક્ષેત્રમાં આગવી ઓળખ ઉભી કરી છે. ગાંધીનગરની સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ ખાતે ૨૪ જૂન ૨૦૨૩ના રોજ મેગા-ફાર્મસી પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થામાં યોજાનાર આ પ્લેસમેન્ટ ફેરમાં ખૂબ મોટી સંખ્યામાં જુદી જુદી ફાર્મસી કોલેજના ગ્રેજ્યુએટસ તેમજ પોસ્ટ-ગ્રેજ્યુએટસ જોડાવા જઈ રહ્યા છે. આ પ્લેસમેન્ટમાં ૨૦ જેટલી ફાર્મા કંપનીઓ ભાગ લેવાની છે. ગુજરાતની ૩૭ કોલેજના ૨૮૨ જેટલા વિધાર્થીઓ અને ગુજરાત બહારની ૨૦ જેટલી કોલેજના ૫૨ જેટલા વિધાર્થીઓ ભાગ લેવા જઈ રહ્યા છે. એક સાથે ૨૦ ફાર્માસ્યુંટીકલ કંપની/હોસ્પિટલ કેમ્પસમાં પ્લેસમેન્ટમાં કોઈ એક ફાર્મસી કોલેજમાં ભાગ લેવાની હોય તેવું પ્રથમ વખત બની રહ્યું છે જેનો લાભ વિવિધ ફાર્મસી કોલેજોના વિદ્યાર્થીઓને મળશે. આ આયોજન સંસ્થાના ટ્રસ્ટી કે.જી.પટેલ અને પ્રિન્સિપાલ ડો.અંકિત ચૌધરી દ્વારા વિધાર્થીઓના બહોળા હિતમાં કરવામાં આવેલ છે.

સે-૨૩માં કડી કેમ્પસ ખાતે ગર્લ્સ હોસ્ટેલમાં આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસના ભાગરૂપે યોગાસન કરવામાં આવ્યા હતા.

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર મુસાફર પાસેથી ત્રણ તમંચા અને ૧૦ કારતુસ ઝડપાયા

હથીયાર મંગાવનાર શખ્સને ગારીયાધારથી ઝડપી પાડ્યો : બંન્ને શખ્સ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા.૨૨

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન ટ્રાવેલ્સની બસમાંથી એક મુસાફર પાસેથી દેશી હાથ બનાવટના તમંચા નંગ-૩ અને જીવતા કારસુત નંગ-૧૦ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જયારે હથીયાર મંગાવનાર આરોપીને ભાવનગર ખાતેથી પકડી પાડી ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ.અસારી, સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ ડી.બી.ઝાલા તેમજ ટીમના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે હિંતમનગર તરફથી આવી રહેલી ખાનગી લકઝરી બસ નં. બી.આર.૦૪.પી.એ.-૬૫૦૯ ને સાઈડમાં ઉભી રખાવી મુસાફરોનો સામાન ચેક કરી રહ્યા હતા. તે સમયે સીટમાં બેઠેલા યુવકની બેગમાંથી પોલીસને ત્રણ તમંચા અને ૧૦ કારતુસ મળી આવ્યા હતા.

જેથી પોલીસે શખ્સનુ નામ પુછતા તેણે જુબેરઅલી આરીફઅલી ઈરફાન સૈયદ (રહે.કાદરાબાદ ગામ, મનસ્તાર મહોલ્લા કાલી માતાના મંદિર જોડે પોસ્ટ સંભલ ગુન્નોર પોલીસ સ્ટેશન, જી.સંભલ યુપી) હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે આર્મસએકટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

ત્યારે પોલીસે ઝુબેરઅલીની પુછતાછ કરતા હથીયાર મંગાવનાર નજુભાઈ કાઠી દરબાર (રહે ગારીયાધાર) ભાવનગરનું ફકત અધુરુ નામ સરનામુ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. જેથી પોલીસે આરોપીની સોશ્યલ મિડીયા એપ્લીકેશન , ટેકનીકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી આરોપી નજુભાઈ કનુભાઈ વિક્રમભાઈ લુણસર (ઉં.૨૮ હાલ રહે.વિદ્યાનગર સોસાયટી પાલીતાણા રોડ ગારીયાધાર જી ભાવનગર)ને ભાવનગર ગારીયાધારથી દબોચી લીધો હતો.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા સ્વાગતનો કાર્યક્રમ હોવાથી આજે તંત્ર દોડધામ કરતુ વધુ જોવા મળ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં વીજમાંગમાં વધારો થવા પામ્યો છે.

● ગાંધીનગર શહેરમાં બફારાને પગલે પાણીનો વેડફાટ પણ વધતાં ગંદકીના દેશ્યો સર્જાયા છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

● ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે જમીન બાબતે બે ઈસમોએ ત્રણ લોકોને માર મારી ધમકી આપવાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે.

● ગાંધીનગર એલ.સીબી.એ દહેગામમાં થતી દારૂની હેરાફેરી અટકાવી : બે ઈસમો સામે ગુન્હો નોંધાયો.

● જીએસટી વિભાગની કનડગતથી દહેગામ જીઆઈડીસીના વેપારીઓ પરેશાન.

● રાજયના નાણાં વિભાગ હેઠળ આવતી ટ્રેઝરી ઓફિસોમાં ૭૦૦થી વધુ સબ એકાઉન્ટન્ટ અને એકાઉન્ટન્ટની ભરતી માટેની કવાયત હાથ ધરાઈ.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેત ઉત્પાદન સહકાર-સિંચાઈ વિભાગની સમિતિની બેઠક મળી હતી.

● ગાંધીનિગર શહેરમાં વિવિધ સેક્ટરોમાં રેતીના ઢગલાઓ કરાયા પછી ધૂળની ડમરીઓ માર્ગોને અસ્વચ્છ બનાવવા ઉપરાંત દ્વિચક્રી વાહનચાલકો માટે પરેશાની બની ઉભર્યા છે.

● ગાંધીનગર શહેરના જાહેર સ્થાનો પર પાર્કિંગની સમસ્યાએ ફરી માથુ ઉંચક્યુ છે.

● ગાંધીનગર મનપામાં મિલ્કતવેરાની આવકમાં ગતિ ન આવતાં તંત્ર નવી વ્યુહરચના કરવામાં વ્યસ્ત બન્યુ છે.

● ગાંધીનગરના પ્રાંતિયા ગામની મહિલા પર સાસરિયાઓનો ત્રાસ : પતિ સહિત સાસુ-સસરા સામે ફરિયાદ નોંધાવી.

● જિલ્લા ફેર બદલીના મુદ્દે આજે મહત્વની બેઠકનું પંચાયત વિભાગ દ્વારા આયોજન કરાયુ છે.

● ગાંધીનગરમાં સચિવાલય સહિત વિવિધ કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા ઘટી.

● નારદીપુર ખાતે ૩૦મીએ ૧૭ સરકારી યોજનાના નવા લાભાર્થીઓને લાભ આપવા માટે ખાસ કેમ્પ યોજવામાં આવશે.

● ૨૫-૨૬ જૂનના રોજ ગાંધીનગરમાં સરકારી પ્રા.ઉ.માં. શાળાઓના આચાર્ય-શિક્ષકોનો બદલી અંગેના કેમ્પનું આયોજન કરાયુ છે.

પુષ્ય નક્ષત્ર નિમિત્તે સ્ટેટ મોડેલ સરકારી આયુર્વેદ કોલેજ કોલવડાના કોમારભૃત્ય વિભાગ દ્વારા સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલ સિંહ ગોલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સાથે સંસ્થાના આચાર્ય વૈદ્ય સ્વીટી રૂપારેલ, સંલગ્ન હોસ્પિટલના નાયબ અધિક્ષક વૈધ રાકેશ ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં ડેપ્યુટી મેયર દ્વારા બાળકોને સુવર્ણ પ્રાશન કરાવવામાં આવ્યું હતું.

આજે આનંદાલય દ્વારા સાપ્તાહિક મિલન કેન્દ્ર અંતર્ગત કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

આનંદાલય દ્વારા ગાંધીનગર ખાતે સાપ્તાહિક મિલન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર મોજીલા પરિવાર ચારિત્ર્યના ઘડતર દ્વારા સામાજિક સુધારણા લાવવાનું અને બાળકોનું ઘડતર અને સારું થાય તે માટે કાર્યરત છે. તારીખ ૨૨ જૂનના રોજ ડૉ.બાબા સાહેબ આંબેડકર ગાર્ડન સેક્ટર ૧૪ ખાતે સાંજે પાંચ વાગ્યે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

૩૦ પ્રશ્નોમાંથી ૨૯ પ્રશ્નનો હકારાત્મક ઉકેલ સાથે જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ આજરોજ જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લામાંથી ૩૦ પ્રશ્નોની રજૂઆત નાગરિકો દ્વારા કરવામાં આવી હતી. જેમાંથી ૨૯ પ્રશ્નનો હકારાત્મક ઉકેલ આવ્યો હતો.

નાગરિકોના પ્રશ્નોની સરળતાથી અને ઝડપી ઉકેલ માટે રાજયભરમાં એક દાયકાથી સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ દ્રિસ્તરીય સ્વાગત કાર્યક્રમ તાલુકા અને જિલ્લા કક્ષાએ યોજાય છે. આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં લોક સમસ્યાને વાચા આપતાં વિવિધ પ્રશ્નો સાથે સાથે દબાણ, જમીન સર્વે, જમીન સંલગ્ન અને નિતી વિષયક ન હોય તેવા પ્રશ્નોની રજૂઆત જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં કરવામાં આવી હતી.

સે-૨૪માં જાનથી મારી નાંખવાની ધમકી આપતા ત્રણ સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૨૨

શહેરના સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટ ખાતે ગાયત્રી પાર્લરમાંથી રૂ.૩૫ હજારની ચોરી થઈ હતી. ત્યારબાદ વેપારીએ એક યુવક સામે શંકા વ્યકત કરતા યુવકના માતા-પિતા સહિત ત્રણ વ્યકિઓએ વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટ-૩૦ સર્વોદયનગરમાં રહેતા યોગેશ જયંતિલાલ શાહ સેકટર-૨૪ સત્યમ એપાર્ટમેન્ટના ફલેટમાં ગાયત્રી પાર્લર ચલાવે છે. ગત તા.૧૫ ના રોજ બપોરના સમયે દુકાન બંધ કરી જમવા બેઠા હતા.થોડીવાર પછી દુકાનમાં જઈને ડ્રોવર જોતા રૂ.૧૨૦૦ ગાયબ હતા. જયારે ફલેટના રસોડામાં રહેલા પર્સમાંથી મુકેલા રૂ.૩૦ હજાર ગાયબ હતા. જેથી યોગેશભાઈએ સીસીટીવી ચેક કરતા દુકાન પાછળ રહેતા રમેશભાઈ સોલંકીના દિકરા સામે ચોરી કર્યાની શંકા વ્યકત કરી હતી. જેથી રમેશભાઈના દિકરાને બોલાવી પૈસાની પુછપરછ કરી ઠપકો આપ્યો હતો. જેથી દિકરાનુ ઉપરાણુ લઈ રમેશભાઈ તેમની પત્ની અને સાળીએ આવીને યોગેશભાઈ સાથે ઝગડો કરી કરવા લાગ્યા હતા.ત્યારબાદ બીજા દિવસે પણ રમેશભાઈ યોગેશભાઈ સાથે ગાળાગાળી કરી રહ્યા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સ્થાનિક આગેવાનો એ સમાધાનના પ્રયત્નો કર્યા હતા પરંતુ સમાધાન નહી થતા યોગેશભાઈએ સેકટર-૨૧ પોલીસ મથકે રમેશભાઈ તેમના પત્ની અને સાળી સામે ફરીયાદ નોંધાવી છે.

બ્રહ્માકુમારીઝ, ચિલોડા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ચિલોડા સેવાકેન્દ્ર પ્રભારી રાજયોગિની તારાદીદી દ્વારા તેમના માતુશ્રી જશોદાબેન નંદલાલ રાજપૂતની પ્રથમ પુણ્યતિથી અને બ્રહ્માકુમારીઝ, ગુજરાત ઝોન ડાયરેકટર સરલા દીદીજીના ચતુર્થ સ્મૃતિ દિવસ નિમિત્તે તારીખ ૨૫/૦૬/૨૦૨૩, રવિવારના રોજ સવારે ૯ થી ૧૨, બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર, જગદંબા ભવન, ચિલોડા ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પમાં (૧) ડૉ.સતીશ પરમાર (બાળ રોગ નિષ્ણાત), (૨) માલવિકા પરમાર (સ્પીચ થેરાપિસ્ટ), (૩) ડૉ. હાર્દિકસિંહ (ઓર્થોપેડીક સર્જન,જલારામ ઓર્થોપેડીક હોસ્પિટલ), (૪) ડૉ. કુશાન ઝીંઝુવાડીયા (દાંત રોગ નિષ્ણાત), (૫) ડૉ.શિવાની ઝિંઝુવાડીયા (ફિઝીયોથેરાપિસ્ટ), (૬) ડૉ.જયરામ ઠક્કર (યોગ અને નેચરોપેથી), (૭) ડો. હાર્દીક તલાટી (ફિઝીયોથેરાપિસ્ટ) તેમની વિશેષ નિઃશુલ્ક સેવાઓ પ્રદાન કરશે.

સાથે ફૂલ બોડી આયુર્વેદિક ચેકઅપ, કેલ્શિયમ ટેસ્ટ, બીપી– સુગર ટેસ્ટ તેમજ ઈન્ડિયન રેડક્રોસ દ્વારા મહીલાઓ માટે ઝમ્ઝ ટેસ્ટ અને રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા બાળકોને સુવર્ણપ્રાશન ટીપાં પીવડાવવામાં આવશે.

નવીનીકરણ કરાયેલ લીંબડિયા આંગણવાડી કેન્દ્રનું ઉદ્ઘાટન

કોનકોર્ડ બાયોટેક સંસ્થા દ્વારા અંદાજિત ૧૨ લાખના ખર્ચે લીંબડિયા આંગણવાડી કેન્દ્રનું કરાયું નવીનીકરણ

ગાંધીનગર, તા.૨૨

રાજયના ભુલકાઓને પાયાનું શિક્ષણ મળી રહે અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્યના ૩ થી ૬ વર્ષના બાળકો માટે રાજયભરમાં ૫૩,૦૨૯ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના નેતૃત્વ હેઠળ બાળકોને શિક્ષણની સાથે તેમનું આરોગ્ય પણ સ્વસ્થય રહે તે માટેનું સમયબદ્ધ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર તાલુકાની લીંબડિયા આંગણવાડી કેન્દ્રનું નવીનીકરણ કરાયું છે. કોનકોર્ડ બાયોટેક સંસ્થા દ્વારા અંદાજિત ૧૨ લાખના ખર્ચે નવીનીકરણ પામેલી આંગણવાડી કેન્દ્રનું મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં 'સહી પોષણ દેશ રોશન''નાં આહવાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગુજરાતને કુપોષણમુક્ત બનાવવાની નેમ સાથે રાજ્ય સરકાર આંગણવાડી કેન્દ્રોમાં નાના ભુલકાઓને ભણતરની સાથે સાથે યોગ્ય પોષણયુક્ત આહાર પણ પૂરો પાડે છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને રમતની સાથે સાથે જ્ઞાન પણ આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રોના નિર્માણ, અપગ્રેડેશન અને સુવિધાઓ વધારવા માટે આ વર્ષના અંદાજપત્રમાં રૂ.૨૬૮ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

આજે ચાંદખેડા ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૨

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી દ્વારા પ્રતિમાબેન સકશેનાના નિવાસસ્થાન ૩૨૦/૧૯૦૦ સુભાષનગર, ગુ.હા. બોર્ડ, ચાંદખેડા ખાતે તા. ૨૩-૬-૨૩ શુક્રવારે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઘ-૨ સોમનાથ પાર્લર પાસે રીક્ષામાંથી મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૪ બી પ્લોટ નં.૧૧૮૫-૨ ખાતે રહેતા રઘુભાઈ નારણભાઈ રબારી પોતાના પરિવાર સાથે રહીને રીક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૧૯ ના રોજ રઘુભાઈ રીક્ષા લઈ મહેસાણા ખાતે ગયા હતા. ત્યાથી પરત ઘ-૨ સર્કલ પાસે સોમનાથ પાર્લર પાસે મસાલો ખાવા માટે ઉભા રહ્યા હતા. તે સમયે તેમનો ફોન રીક્ષામાં મુક્યો હતો અને તેમાં કોઈ બેઠુ પણ ન હતું.

ત્યારે રીક્ષા ચાલક મસાલો ખાઈને પરત આવીને જોયુ તો રીક્ષામાં મોબાઈલ ફોન ન હતો. જેથી રીક્ષાની આસપાસ તેમજ રોડ પર ફોનની તપાસ કરીહતી પરંતુ મોબાઈલ ફોન મળી આવ્યો ન હતો. જેથી યુવકે વીવો કંપનીના રૂ.૧૫ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગર શહેરમાં અંડરગ્રાઉન્ડ કેબલ અને પાઈપલાઈન મારફતે વીજળી, ગેસ અને પાણીનો સપ્લાય આપવામાં આવે છે. આ સપ્લાય આપતી લાઈનમાં અવારનવાર ખામી સર્જાય છે અને મેન્ટેનન્સ કંપનીઓને તેનુ સમારકામ કરવુ પડે છે. સેક્ટર-૧ ૩માં ગટરલાઈનના ખોદકામ વખતે ગેસની પાઈપલાઈનને નુકશાન પહોંચ્યુ હતુ. ગેસ લીકેજ થતાં થોડાક સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. તાત્કાલિક તેનુ સમારકામ કરવાની જરૂરીયાત ઉભી થઈ હતી.

જમીનનો કબ્જો છોડી દેજો કહી ખેડુતને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરીયાદ

રૂપાલ ગામના ચોકારી વાસ ખાતે રહેતા સંતોષ દેવેન્દ્ર વ્યાસ પરિવાર સાથે રહે છે અને ખેતી કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. તેઓને રૂપાલ વાસણ રોડ પર નવો સર્વે નં.૧૪૫ ની જમીન આવેલી છે. આ જમીન સંતોષભાઈના પિતા દેવેન્દ્ર વ્યાસ, તેમના ભાઈ બંસીધર ગજાનંદ વ્યાસ, રમેશ ગજાનંદ વ્યાસે વર્ષ ૨૦૨૦માં બળદેવભાઈ જીવરામદાસ પટેલ તેમજ ધુળાભાઈ જીવરામદાસ પટેલ પાસેથી બાનાખત તેમજ વેચાણખત કરી પુરી રકમ ચુકવી વેચાણ રાખ્યું છે. પરંતુ ધુળાભાઈના દિકરા વિદેશમાં રહેતા હોવાથી જે તે સમયે દસ્તાવેજ થઈ શક્યો ન હતો.આ જમીન બળદેવ પટેલ તેમજ ધુળાભાઈ પટેલના વારસદારોના નામે ચાલે છે. જે જમીનમાં ફરીયાદી છેલ્લા ૨૨ વર્ષથી ખેતી કરે છે. ત્યારે સાંજના સુમારે સંતોષભાઈ તેમના પિતરાઈ ભાઈ અનિલ અને મંગલભાઈ સાથે ખેતરમાં હાજર હતા તે સમયે ગામના રાજેન્દ્ર ધુળાભાઈ પટેલ તેમજ રમેશ બળદેવ પટેલ ખેતરમાં આવ્યા હતા. તેઓએ આ જમીન અમારા બાપદાદાની છે. તમે અહીથી નીકળી જાઓ તેમ કહી ફરીયાદીને ગાળો બોલી લાફો ઝીંકી દીધો હતો. તે સમયે રમેશભાઈ પણ ફરીયાદી તેમજ તેના ભાઈઓને ગડદાપાટુનો માર મારતા બુમાબુમ કરી તેઓ ભાગી ગયા હતા. ત્યારે આ શખ્સોએ જતાજતા આ જમીનનો કબ્જો છોડી દેજો નહીતર તમને જાનથી મારી નાંખશુ તેવી ધમકી આપતા પેથાપુર પોલીસ મથકે બે ભાઈઓ સામે ફરીયાદ નોંધાવી છે.

રેડક્રોસ ગાંધીનગર દ્વારા જીઈબી ખાતે રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

યોગ દિવસ નિમિત્તે જીઈબી કોલોની ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવિશેષ જીઈબી રી ક્રીએશન ક્લબ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કર્યુ હતુ. મોટી સંખ્યામાં જીઈબી પરિવારોએ હાજર રહી ૩૬ યુનિટ રક્તદાન કરી સામાજિક જવાબદારી અદા કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ગોસાઈભાઈ, ડૉ. શેઠભાઈ, કે.એમ. પટેલ, જી.પી. પટેલ, લક્ષ્મણ કંસારા, નિલેન્દુભાઈ વોરાની વિશેષ મહેનત રહી હતી. જીઈબી સંકુલના વડા બતવારભાઈ રેડક્રોસ મોબાઈલ હેલ્થવાનનું નિરીક્ષણ કરી રેડક્રોસ પ્રવૃત્તિને બિરદાવી ભવિષ્યમાં આ સેવાકીય પ્રવૃત્તિમાં કાયમ મદદરૂપ થવાની ખાતરી આપી હતી. રક્તદાનમાં ૧૪ બહેનોએ ભાગ લઈ જીઈબીનું ગૌરવ વધાર્યુ હતુ. સંજયભાઈ કાકડિયાએ ૭૫મી વાર અને તેમના પત્ની શિલ્પાબેને ૪૨મી વાર સજોડે રક્તદાન કર્યુ હતુ.

સે-૭ ડી માં બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા : રૂ. ૮૪ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૭ ડી પ્લોટ નં.૧૨૭૪-૨ માં મુકેશભાઈ ઈશ્વરભાઈ જોશી (ઉં.૭૧) પરિવાર સાથે રહીને નિવૃત જીવન ગુજારે છે.ગત તા.૧૯ મી જુનના રોજ સાંજના ઘર બંધ કરીને મુકેશભાઈ પરિવાર સાથે અમદાવાદ ખાતે રહેતા દિકરા રચીતના ઘરે ગયા હતા. જયારે સાફ સફાઈ માટે આવતા બાબુભાઈએ મુકેશભાઈને ફોન કરીને જણાવ્યું કે આજે મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં છે. જેથી મુકેશભાઈ તાત્કાલીક ગાંધીનગર આવી પહોંચ્યા હતા. ઘરે આવીને જોતા મુખ્ય દરવાજામાં પ્રથમ લાકડાના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. જયારે બીજા લાકડાના દરવાજાનો નકુચો અને ઈન્ટરલોક પણ તુટેલી હાલતમાં હતા. જેથી ઘરમાં ચોરી થઈ હોવાનો અંદાજ આવી ગયો હતો. ત્યારબાદ મુકેશભાઈએ ઘરમાં જઈ તપાસ કરતા બેડરૂમમાં લાકડાની તિજોરીનો સામાન વેરણ છેરણ પડ્યો હતો. તિજોરીના ડ્રોવરમાંથી પુજા પાઠ માટેનો ચાંદીનો લોટો, ચાંદીની તરભાણી, ચાંદીની વાટકી, ચાંદીનો ગ્લાસ, ચાંદીનો રૂદ્રાક્ષ, ૨૦ ગ્રામ ચાંદીની લગડી, ચાંદીની પ્લેટ, ત્રણ મૂર્તિઓ તેમજ રૂ.૫ હજાર રોકડા ચોરી થયા હતા.જયારે પ્રથમ માળે આવેલા બેડરૂમની તિજોરીમાં તપાસ કરતા દરવાજા ખુલ્લા હતા. જયારે ડ્રોવરમાંથી રોકડા રૂ.૧૫ હજારની ચોરી થઈ હતી. ચોર શખ્સો ૬૩ હજારથી વધુની ચાંદીની વસ્તુઓ અને રોકડા રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૮૩,૯૨૦ ની ચોરી થવા પામી છે. સેકટર-૭ પોલીસે ડોગ સ્કવોડ અને ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.